| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૦૧/૦૪/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૦ |

**રાજકોટના મહે. બીજા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામઃ રાજકોટ.**

**ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૮૫૫/૨૦૨૬.**

**આંકઃ ૦૬**

**અરજદાર.**
**રણજીતભાઇ નાથાભાઇ વાસાણી,**
ઉ.વ. પુખ્ત,
રહે. અમરાપુર, તા. વિંછીયા, જિ. રાજકોટ.
(**હાલઃ સબ જેલ-ગોંડલ**)

**-// વિરૂધ્ધ //-**

**સામાવાળા.**
**શ્રી સરકાર.**

**બાબત: બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી..**

**વકિલશ્રીઓઃઃ**
અરજદાર તરફે :- વિધ્વાન વકીલ શ્રી વી. વી. રંગપરા.
સામાવાળા તરફે :- વિધ્વાન એપીપી શ્રી એ. એ. સોસન.

---

**- ચુ કા દો -**

૧. આ કામના અરજદાર/આરોપીની રાજકોટ ગ્રામ્ય, વિંછીયા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબરઃ

૧૧૨૧૩૦૬૮૨૬૦૦૯૧/૨૦૨૬, બી.એન.એસ. કલમ ૨૭૪, ૨૭૫, ૩૪૫(૩), ૩૪૭(૧), ૩૪૯ તથા પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(બી)(ડી)(ઇ)(એફ), ૬૮, ૮૧, ૮૩, ૮૬ મુજબના ગુનાના કામે અટક કરવામાં આવેલ છે અને અરજદાર/આરોપી હાલ જ્યુડીશ્યલ કસ્ટડીમાં કેદમાં છે અને અરજદાર/આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે હાલની આ પ્રથમ જામીન અરજી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

૨. આ જામીન અરજીની નોટીસ સામાવાળાને બજતા સરકારશ્રી વતી એ.પી.પી.શ્રી એ. એ. સોસન હાજર થયેલ છે અને તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું આંક ૦૫ થી રજુ રાખવામાં આવેલ છે.

અરજદાર/આરોપી તરફે આંક-૩ ના લીસ્ટથી રજુ દસ્તાવેજો ધ્યાને લીધા.

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી વી. વી. રંગપરા તેમજ સરકારશ્રી તરફે વિ. એપીપીશ્રી એ. એ. સોસનની મૌખિક દલીલો રૂબરૂ સાંભળી.

3. અરજદાર/આરોપી તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે તેઓએ કોઈ ગુનો કરેલો નથી તેમ છતાં પોલીસે તેને આ ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. અરજદાર સામે પ્રથમદર્શનીય કેસ નથી. ફરિયાદની હકીકતો ધ્યાને લેતા અરજદાર વિરુદ્ધ આક્ષેપો નથી. વધુમાં સદરહું કામમાં તપાસ પુર્ણ થતા અને ચાર્જશીટ થતા સમય લાગે તેમ હોય અને અરજદારનુ કસ્ટોડીયલ ઈન્ટેરોગેશન પુર્ણ થઇ ગયેલ છે અને હવે પોલીસ તપાસમાં અરજદારની હાજરીની કોઈ જરૂરીયાત નથી તેમજ અરજદાર પાસેથી ગુન્હાના કામની કોઈ રીકવરી ડીસ્કવરી કરવાની નથી. વધુમાં હાલના ગુન્હાના કામે કુલ ૮ આરોપીઓ છે જેમાં મુખ્ય આરોપી જેલમાં

છે અને સહ આરોપી પ્રદિપભાઇ કાળુભાઇ સાગઠીયાને નામ. સેશન્સ કોર્ટ દ્વારા રેગ્યુલર જામીન પર મુકત કરવામાં આવેલ હોય, અરજદારને પેરીટીના સિદ્ધાંત અન્વયે જામીન પર મુકત કરવા જોઇએ. વધુમાં કહેવાતી વાડીની માલિકી અરજદારની હોવાના કોઇ દસ્તાવેજી પુરાવા નથી અને સદરહુ વાડીના માલીક અરજદારના દાદા છે. વધુમાં અરજદારનો કોઇ ગુન્હાહિત ઇતિહાસ નથી અને અરજદાર રાજકોટ જિલ્લાના રહેવાસી છે, કુટુંબ કબીલા વાળા વ્યક્તિ છે કયાંય નાસી ભાગી જાય તેમ નથી, જામીન એ નિયમ છે અને જેલ એ અપવાદ છે તે સિદ્ધાંત ધ્યાને લઈ અને અરજદાર નામ. કોર્ટ ફરમાવશે તે શરતોનું ચુસ્તપણે પાલન કરશે તેવી ખાતરી આપે છે તેમજ આ કામે તપાસ પુર્ણ થતા અને કેસનો ગુણ-દોષ પર નિર્ણય થતા ઘણો સમય લાગે તેમ છે આ તમામ હકીકતો અને જામીનના સંદર્ભમાં નામ. સુપ્રિમ કોર્ટ તથા નામ. હાઈકોર્ટે સ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઇ અરજદારને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાની રજુઆત કરેલ છે.

૪. સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન એપીપી.શ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરિયાદની હકીકતો વંચાણે લેતા આ કામે આરોપીઓએ ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવવાનુ પીઠુ ખોલી તેમા ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવી તેનુ સેવન કરનારને નુકશાન કારક હોવાનુ જાણવા છતા કપટ કરાવાાન ઈરાદાથી રોયલ સ્ટગની માલ નિશાની લગાડવા માટે કોઇ પ્રકારની ઓથોરીટી નહીં હોવા છતા ખોટી માલ નિશાની બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી ડેપ્લીકેટ વિદેશી દારૂ વેચાણ કરવાના ઈરાદે ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવતા મળી આવી પ્રોહીબીશન એકટ કલમ- ૬૫(એ), (બી), (ડી), (ઇ), (એફ), ૬૮, ૮૧, ૮૩, ૮૬ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ (BNS) ની કલમ- ૨૭૪, ૨૭૫, ૩૪૫(૩),

૩૪૭(૧), ૩૪૯ મુજબનો ગુનો કરેલ છે. વધુમાં અરજદારનો ગુન્હાના કામે રોલ ધ્યાને લેતા આરોપી નંબરઃ ૧ જિતેન્દ્રભાઇ વિરાભાઇ સોલંકી નાઓએ અરજદાર/આરોપી નંબરઃ ૫ રણજીતભાઇ નાથાભાઇ વાસાણી નાઓની કબ્જા ભોગવટાની વાડીમાં બનાવેલ ઓરડી ભાડે રાખી વિદેશી દારુની એક પેટી દીઠ રૂા.૫૦૦/– લેખે ભાડુ આપવાનુ નક્કી કરી તેમજ આરોપી નંબર (૨) થી (૪) નાઓને ડુપ્લીકેટ વિદેશી દારૂની એક પેટી તૈયાર કરી આપવાના વ્યક્તિ દીઠ રૂપિયા ૧,૦૦૦/– આપવાનુ નક્કી કરી, ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવવા માટેની સાધન સામગ્રી આરોપી નંબરઃ (૬) તથા (૭) નાઓની મદદગારી થી આરોપી નંબરઃ (૮) પાસેથી મેળવી, ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવવાનું કારખાનુ શરૂ કરી, દારૂનુ પીઠુ ખોલી, ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવી તેનું વેચાણ કરવાના ઈરાદાથી, ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવવાની સાધન સામગ્રી સહીત કુલ મુદામાલ રૂા.૧,૪૮,૩૯૬/– સાથે મળી આવેલ છે જેમાં આરોપી નંબરઃ ૧ નાઓએ હાલના અરજદાર/આરોપી પાસેથી ઓરડી ભાડે રાખી અને વિદેશી દારૂની એક પેટી દીઠ ૫૦૦/– લેખે ભાડુ લેવાનુ અરજદારે નક્કી કરી મહત્વનો ભાગ ભજવેલ છે અને તે રીતે અરજદારનો રોલ અગાઉ જામીન પર મુક્ત કરવામાં આવેલ આરોપીના રોલથી અલગ અને વધુ ચઢીયાતો હોય, પેરીટીનો સિદ્ધાંત અરજદારનો ગુન્હાના કામે રોલ ધ્યાને લેતા લાગુ પાડી શકાય તેમ નથી. વધુમાં અરજદાર વિરુદ્ધ અગાઉ પણ ગુન્હા નોંધાયેલ હોવાનુ તપાસ કરનાર અમલદારના સોગંદનામામા જણાવાયેલ છે અને હાલના ગુન્હાની તપાસ હાલ ચાલુ છે, અન્ય આરોપીઓને હજુ પકડવાના બાકી છે અને અરજદારનુ નામ પ્રથમથી જ ફરિયાદમાં છે. વધુમા અરજદારને જામીન પર મુક્ત કરવામાં આવ્યેથી નાસી–ભાગી જાય અને પુરાવા સાથે ચેડા કરે તેવી પુરેપુરી શકયતા હોય, જે તમામ હકીકતો ધ્યાને

લઈ અરજદારની હાલની અરજી નામંજુર કરવા જણાવેલ છે.

૫. સદર કામે તપાસ કરનાર અમલદારશ્રી દ્ધારા અરજી વિરૂધ્ધ સોગંદનામાંથી હકીકતો જાહેર કરેલ છે તે ધ્યાને લીધી. અત્રેની અદાલત "જામીન એ નિયમ અને જેલ એ અપવાદ" ના સિધ્ધાંતથી વાકેફ છે. વળી, આજીવન કેદ કે દેહાંત દંડ રૂપી શિક્ષા પણ થઈ શકે તેવા ગુનામાં સંડોવાયેલ આરોપી પણ પોતાનો જામીન ઉપર છૂટવા માટેનો પ્રથમદર્શનીય કેસ હોવાનું દર્શાવે તો અદાલતે તેને જામીન ઉપર મુકત કરવાનો રહે છે એટલે કે, માત્રને માત્ર સજાનું પ્રમાણ તે જામીન અરજી મંજૂર કે નામંજૂર કરવાનું નિર્ણાયક પરિબળ નથી. જામીન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે જે બાબત ધ્યાને લેવાની રહે છે તે એ છે કે, આરોપીનો જામીન ઉપર છૂટવા માટેનો પ્રથમદર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, આરોપીની ગુનામાં ભાગીદારી, બનાવ જેવા ગુનાનું ફરી વખત પુનરાવર્તન થવાની શકયતા, જામીનની દયાનો દુરૂપયોગ થવાની શકયતા, આરોપીની વ્યક્તિગત સ્વતંત્રતાના હકકો, તથા સમાજનું હિત, ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી વગેરે જેવા પરિબળો અદાલતે ધ્યાનમાં રાખવાના હોય છે, જેમાંથી એકાદ પરિબળ પણ આરોપીને જામીન ઉપર છૂટવા સમર્થનકર્તા ન હોય તો આરોપી જામીન ઉપર છૂટવાના હકકો ગુમાવી બેસે છે.

૬. જામીન અરજીમાં જણાવેલી હકીકતો તેમજ આંક–૩ ના લીસ્ટ સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા તથા સામાવાળા સરકારશ્રી તરફે રજુ થયેલ આંક–૦૫ નુ તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લીધુ. બન્ને પક્ષકારોના વિ.વકિલશ્રીઓની દલીલો સાંભળી. સદર જામીન અરજી પરત્વે નીચેના કારણો અત્રેની કોર્ટ દ્ધારા ધ્યાને લેવામાં આવેલ છે.

૬/૧. ફરિયાદની હકીકત ધ્યાને લેતા આરોપીઓએ ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવવાનુ પીઠુ ખોલી તેમા ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવી તેનુ સેવન કરનારને નુકશાન કારક હોવાનુ જાણવા છતા કપટ કરવાના ઈરાદાથી રોયલ સ્ટગની માલ નિશાની લગાડવા માટે કોઈ પ્રકારની ઓથોરીટી નહીં હોવા છતા ખોટી માલ નિશાની બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી, ડેપ્લીકેટ વિદેશી દારૂ વેચાણ કરવાના ઈરાદે ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવતા મળી આવી પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એ),(બી),(ડી),(ઈ),(એફ), ૬૮, ૮૧, ૮૩, ૮૬ તથા ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ–૨૭૪, ૨૭૫, ૩૪૫(૩), ૩૪૭(૧), ૩૪૯ મુજબનો ગુનો કરેલ હોવાના આક્ષેપ છે.

૬/૨. તપાસના પેપર્સ ધ્યાને લેતા અરજદાર/આરોપીએ પોતાના કબ્જા ભોગવટાની વાડીની ઓરડી આરોપી નંબરઃ ૧ નાઓને વિદેશી દારૂની એક પેટી દીઠ રૂા. ૫૦૦/– લેખે ભાડુ લેવાનુ નક્કી કરી, ઓરડી ભાડે આપેલ હોવાના આક્ષેપ છે અને તે રીતે ગુન્હાના કામે મહત્વનો ભાગ ભજવેલ છે.

૬/૩. ગુન્હાની તપાસ હાલ ચાલુ છે અને અન્ય આરોપીઓને હજુ પકડવાના બાકી છે.

૬/૪. સહ–આરોપી પ્રદિપભાઈ કાળુભાઈ સાગઠીયાને અત્રેની અદાલત દ્વારા ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૪૩૩/૨૦૨૬ ના કામે રેગ્યુલર જામીન પર મુકત

કરવામાં આવેલ છે પરંતુ તે સહ–આરોપીના રોલથી, અરજદારનો રોલ અલગ છે અને ગંભીર પ્રકારનો રોલ હોય, પેરીટીના સિદ્ધાંત અન્વયે અરજદારને જામીન પર મુકત કરી શકાય તેમ ન હોવાનુ અત્રેની અદાલતનુ માનવુ છે.

૬/૫. વધુમાં તપાસ કરનાર અમલદારે રજુ કરેલ સોગંદનામાંના કોલમ નંબરઃ ૨૮ વંચાણે લેતા, અરજદાર વિરુદ્ધ દાખલ થયેલ ગુન્હાનુ પત્રક પેટામાં સામેલ છે તેવુ જણાવેલ છે.

ઉપરોકત હકીકતોએ અરજદારને જામીન ઉપર મુકત કરવા માટે ન્યાયિક ડીસ્ક્રેશન વાપરવું કોઈ રીતે યોગ્ય અને ન્યાયિક જણાતુ ન હોઈ અરજદાર/આરોપીની જામીન અરજી અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

:: **આ ખ રી હુ ક મ** ::

૧. અરજદાર/આરોપીની અરજી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ, આજ તારીખઃ ૧લી, માહેઃ એપ્રિલ, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ રાજકોટ.
તારીખઃ ૦૧/૦૪/૨૦૨૬.

**(તેજસ એસ. બ્રહ્મભટ્ટ)**
બીજા એડી. સેશન્સ જજ,
રાજકોટ.
(**UID:GJ00609**)

*//phb//*